# ગાંધીનગર એફએસએલમાં આર્યનના ફોનની તપાસ થશે

## વોટ્સએપ ચેટ ખોલશે સિક્રેટ્સ? : ગાંધીનગરની ફોરેન્સિક લેબોરેટરી આર્યન ખાન સહિતના આરોપીના ફોનની તપાસ બાદ NCBને રિપોર્ટ સોંપાશે

ગાંધીનગર,તા.૬

ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનની અન્ય અન્ય લોકોની કસ્ટડીમાં પૂછપરછ અને વધુ તપાસ કરવામાં આવી રહી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા કેસના મૂળ સુધી પહોંચવા અને ડ્રગ્સ ક્યાંથી સપ્લાય કરવામાં આવી રહ્યું હતું તે અંગે વિવિધ તપાસ પણ કરવામાં આવી રહી છે. આ માટે એનસીબી દ્વારા તપાસ માટે આર્યન ખાન સહિત અન્ય આરોપીઓના ફોન ગાંધીનગરની ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ફોરેન્સિક તપાસ માટે જાણીતી ગાંધીનગરની ફોરેન્સિક લેબોરેટરીમાં આર્યન સહિત અન્ય આરોપીઓના ફોન મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે એનસીબી દ્વારા મુંબઈની કોર્ટમાં કરેલી રજૂઆત દરમિયાન વોટ્સએપ ચેટ્સ દ્વારા કેટલી મહત્વના પુરાવા મળવાની વાત કરી હતી. આ રેકોર્ડ્સની તપાસ કરીને ડ્રગ્સ ક્યાંથી આવ્યું અને કેટલા પ્રમાણમાં સપ્લાય કરવામાં આવતું હતું તેને લગતી વિવિધ માહિતી સામે આવી શકે છે. વિવિધ રિપોર્ટ્સમાં એવી પણ વિગતો સામે આવી રહી છે, એનસીબીની તપાસ દરમિયાન આર્યન ખાને ડ્રગ્સની ખરીદી અને રુપિયાની ચૂકવણીની રીતો અંગે ચર્ચા કરીને કોડનો ઉપયોગ કર્યો હોવાનું પણ સામે આવી રહ્યું છે. હવે આ દિશામાં ફોરેન્સિક રિપોર્ટ્સ આવ્યા બાદ કેસમાં તપાસની વધારે મદદ મળી શકે છે. અગાઉ પણ ઘણાં કેસમાં એવું જોવા મળ્યું છે કે ફોરેન્સિક તપાસ બાદ કેસ વધારે મજબૂત બન્યો હોય. આ કેસમાં વધુ ૬ લોકો, દિલ્હીની ક્રાઈમ એક્સપિરિયન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને તપાસ માટે એનસીબીની કસ્ટડીમાં લેવામાં આવી છે. મુંબઈ ક્રુઝ ડ્રગ કેસમાં અત્યાર સુધીમાં કુલ ધરપકડનો આંકડો વધીને ૧૬ થઈ ગયો છે.



સર્વ પિતૃ અમાસ નિમિત્તે સેકટર-૩૦ મુકિતધામ ખાતે જયોતિ મહિલા મંડળ અને રાધાકૃષ્ણ મંડળ દ્વારા ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભજન બાદ મુકિતધામના સ્ટાફને ભોજન કરાવવામાં આવ્યું હતું.

# શહેરના નવા મેયર તરીકે હિતેશ મકવાણા અને ભરત દિક્ષીત ચર્ચામાં

## નવા મેયરની પસંદગીનો નિર્ણય પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં થશે : આગામી સપ્તાહમાં બોર્ડની બેઠક મળશે : તે પહેલાં નામની પસંદગી માટે નિરીક્ષકો આવી શકે છે : શહેરમાં ચર્ચા આરંભાઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાના પરિણામો જાહેર થઈ ગયા બાદ હવે નવા મેયર કોણ તેને લઈ ચર્ચાઓનો દોર શરૂ થયો છે. જો કે નવા મેયરની પસંદગીનો નિર્ણય પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નામની પસંદગી પર આખરી મ્હોર મારતાં પહેલાં પ્રદેશ નેતાઓ નિરીક્ષકોને મોકલી શકે છે. જે સભ્યોને મળી અને સર્વસંમત નામ પસંદ કરશે તેમ મનાઈ રહ્યુ છે.

હાલ તો આ પદ માટે હિતેષ પૂનમભાઈ મકવાણા અને ભરતભાઈ દિક્ષીતના નામ રેસમાં છે. જો કે આ વખતે ત્રણ અનુ. જાતિની મહિલા ઉમેદવારો પણ વિજયી બની છે જેમાં વોર્ડ નં.



૧૧માંથી સેજલબેન પરમાર, વોર્ડ નં. ૫ માંથી કૈલાસબેન સુતરિયા, વોર્ડ નં. ૧ માંથી મીનાબેન મકવાણા વિજયી થયા છે. મેયરપદ અનુ. જાતિ માટે અઢી વર્ષ નિયત કરવામાં આવેલ છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ હિતેષ મકવાણા એ પૂર્વ સંસદીય સચિવના પુત્ર છે અને હિતેષ પૂનમભાઈ મકવાણાની પસંદગી લગભગ નિશ્ચિત મનાઈ રહ્યુ છે. જો કે ભરતભાઈ દિક્ષીત પણ એટલા જ મજબુત દાવેદાર ગણવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર એ રાજ્યનું પાટનગર હોવાથી પ્રદેશ મોવડીમંડળ પણ મેયરની પસંદગીને લઈ વધુ કાળજી લેશે તેમ મનાઈ રહ્યુ છે. પહેલીવાર ભાજપે સ્પષ્ટ બહુમતિ સાથે સત્તાના સૂત્રો સંભાળ્યા છે અને પક્ષની વિચારધારાને મજબુતાઈ સાથે આગળ વધારી શકે તેવા



ઉમેદવારની પસંદગી કરશે તેમ જાણવા મળેલ છે.

બીજી તરફ સ્થાયી સમિતિના ચેરમેન તરીકે મહેન્દ્રભાઈ પટેલ(દાસ)નું નામ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. મહેન્દ્રભાઈ શહેર સંગઠ્ઠનમાં પ્રમુખ રહી ચુક્યા છે તેમજ સંગઠ્ઠન તેમજ ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલન જળવાઈ રહે તે માટે તે જાણીતા છે. જો કે આ ઉપરાંત શૈલેષ પટેલ જે પહેલા ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ રહી ચુક્યા છે. રાજુભાઈ પટેલનું નામ પણ ચર્ચામાં છે.

ગાંધીનગર મનપાની હદમાં થયેલા વધારાની સાથે સાથે શહેરના સેક્ટરોને પણ મહત્વ આપવામાં આવે તેવી શક્યતાઓ છે. જો કે આખરી નિર્ણય આગામી સપ્તાહના અંતે મળનાર પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ કરશે તેમ જાણવા મળે છે.

## આજે કેન્દ્રીય ગૃહમંત્રી ગુજરાત આવશે, આવતીકાલે માણસામાં કુળદેવીના દર્શન કરશે

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર મનપામાં ભાજપની જીત બાદ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ગુજરાત મુલાકાતે, આ તારીખે આવી શકે

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ફરી ગુજરાતની મુલાકાતે આવવા જઈ રહ્યાં છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત થયા બાદ અમિત શાહ ગુજરાત મુલાકાતે આવશે. અમિત શાહ આવતી કાલે ગુરૂવારના સાંજે અથવા શુક્રવારે ગુજરાત આવી શકે છે. અમિત શાહ ૮ ઓક્ટોબરે કલોલના પાનસર ગામે વિકાસ કાર્યોના કાર્યક્રમમાં હાજરી આપી શકે છે. જ્યાર બાદ અમિત શાહ તેમના વતન માણસામાં પરિવારના કુળદેવીના દર્શન પણ કરે તેવી શક્યતા છે.

# અડાલજમાં વીજળી પડતાં એક બાળાનું અવસાન, એક ઈજાગ્રસ્ત : સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાઈ

## ગાંધીનગર-દહેગામમાં વરસાદની ૪૦ ટકાથી વધુ ઘટ : સાંજે ગાંધીનગર તાલુકામાં ૬ મી.મી. વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકામાં આજે સાંજે ૪ થી ૬ ના સમયગાળા દરમ્યાન હળવા વરસાદી ઝાપટાથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. તાલુકાના અડાલજ ખાતે આવેલ માણેકબા વિનય વિદ્યાવિહારમાં લીમડાના ઝાડ નીચે ઉભેલી બે દિકરીઓ પર વિજળી પડવાની ઘટના બની હતી.

વિજળી પડવાની આ ઘટનામાં નમ્રતા ભરતજી ઠાકોર નામની દિકરીનું ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ જ્યારે આરતીબેન જાડેજાને ઈજાઓ પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સિવિલના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આરતી જાડેજા હાલ આઈ.સી.યુ.માં છે અને તેની તબિયત સ્થિર છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ચોમાસામાં વિજળી પડ્યાની ઘટનાઓ વધુ બનવા પામી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૪ થી ૬ દરમ્યાન ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં સારો વરસાદ થયો હતો. એક-બે શૈક્ષણિક સંસ્થાઓએ આજે યોજેલ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ વરસાદના પગલે સંચાલકોએ રદ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે વરસાદની ઘટ રહેવા પામી છે. ચોમાસુ પૂર્ણ થવા આવ્યુ હોવા છતાં જિલ્લામાં હજુ ૩૦ ટકા વરસાદની ઘટ છે. આ વર્ષે બુધવારના સવારના ૬ વાગ્યા સુધીમાં ૭૧ ટકા જ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં બુધવારની સવાર સુધીમાં ૫૮ ટકા જ વરસાદ નોંધાયો છે જ્યારે દહેગામ તાલુકામાં ૫૫.૯૭ ટકા વરસાદ નોંધાયો છે. આમ આ બે તાલુકામાં ૪૦ ટકાથી વધુ વરસાદની ઘટ રહેવા પામી છે.

કલોલ તાલુકામાં ૯૪ ટકા અને માણસામાં પણ ૭૧ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં વરસાદની ઘટ રહેતાં આગામી ઉનાળામાં પાણીના પ્રશ્નો ઉભા થવાની સંભાવના છે.



ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાની કોવિડ હોસ્પિટલ ખાતે દર માસની તા. ૬ ના રોજ ફાયર મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ગાંધીનગર જિલ્લામાં સાત હોસ્પિટલમાં મોકડ્રિલ અને ફાયર સેફટી ડેમોસ્ટેશન કરવામાં આવ્યું હતું. જેમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગર,હાઈટેક હોસ્પિટલ સેકટર-૩-બી, આઈકૉન હોસ્પિટલ અડાલજ,અશકા હોસ્પિટલ, સરગાસણ, એપોલો હોસ્પિટલ, ભાટ, એસ.એમ.વી.એસ. હોસ્પિટલ રાદેસણ અને આશિર્વાદ હોસ્પિટલ વૈષ્ણદેવી કોવિડ હોસ્પિટલમાં આ મોકડ્રીલ યોજાઈ હતી.

## લીહોડા શ્રી ગાયત્રી વિદ્યામંદિર ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી

ચિલોડા, તા. ૬

દહેગામ તાલુકાના લીહોડા સ્થિત શ્રી ગાયત્રી વિદ્યામંદિર ખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી નિમિત્તે વન વિભાગના દહેગામ રેન્જના ફોરેસ્ટ સુનિલભાઈ વાઘેલાની પ્રેરણાથી બીટગાર્ડ સુનીલભાઈ ચૌધરી દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ વિષય પર નિબંધ સ્પર્ધા યોજીને વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ગરબા રમવા માટે ખેલૈયાઓને કોવિડ વૅક્સિન લેવી જરૂરી : હર્ષ સંઘવી

## ૪૦૦ની મર્યાદામાં શેરી ગરબાને મંજૂરી

ગાંધીનગર,તા.૬

દેશમાં ફેસ્ટિવલ સિઝન શરૂ થઈ ગઈ છે. જે અંતર્ગત આવતીકાલથી નવરાત્રિની શરૂઆત થઈ રહી છે. જો કે કોરોના મહામારીને જોતા સરકાર દ્વારા તમામ સતર્કતા દાખવવામાં આવી રહી છે. ગુજરાત સરકારે પણ નવરાત્રિમાં ગરબે ઘુમવા માટે કેટલીક ગાઈડલાઈન જાહેર કરી છે. એવામાં આજે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મોટું નિવેદન આપ્યું છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું કે, નવરાત્રિ દરમિયાન માત્ર રાજ્યમાં કોમર્શિયલ ગરબાને મંજૂરી નથી આપવામાં આવી. શેરી ગરબામાં માત્ર ૪૦૦ની મર્યાદામાં ગરબા રમવાની છૂટ આપવામાં આવી છે.

આટલું જ નહીં, પવિત્ર યાત્રાધામોમાં માત્ર એક દિવસ જ ગરબા થશે. જ્યારે ગરબા રમવા માટે કોરોના રસીકરણ જરૂરી થઈ ગયું છે.

રાજ્ય સરકારે ભલે કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને સોસાયટીમાં આયોજિત ગરબામાં ૪૦૦ લોકોની મંજૂરી આપી હોય, પરંતુ ગત શનિવારે ગૃહ વિભાગ દ્વારા તેની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે અનુસાર ગરબા, દુર્ગા પૂજા, શરદ પૂનમ અને દશેરા જેવા તહેવારો મનાવતા પહેલા વૅક્સિનના બન્ને ડોઝ લેવા જરૂરી કરી દેવામાં આવ્યા છે.

ગુજરાતમાં ગરબા રમવા માટે ખાસ કરીને ખેલૈયાઓએ કોરોના વિરોધી રસીના બન્ને ડોઝ લેવા ફરજિયાત હશે. આ સાથે જ તમામ જાહેર સ્થળો પર માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગનું સખ્તીથી પાલન કરવાનું રહેશે. આ માટે પોલીસ કમિશનર, કલેક્ટર અને એસપીને પણ જરૂરી આદેશ આપી દેવામાં આવ્યા છે. હાલ સરકાર કોરોના મહામારીને લઈને કોઈ જોખમ લેવા નથી માંગતી. આજ કારણ છે કે, પાર્ટી પ્લોટ, કલ્બ અને ખુલ્લી જગ્યાઓ પર ગરબાના આયોજન પર રોક લગાવી દેવામાં આવી છે.

## કોલસાની અછતથી ઉત્તર ગુજરાતના ગામડાઓમાં વીજકાપ સર્જાશે

ગાંધીનગર,તા ૬

તહેવારોની મૌસમની વચ્ચે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં ગમે ત્યારે વીજ સંકટ સર્જાઈ શકે છે. ગુજરાતમાં ૨૦ વર્ષ બાદ પહેલીવાર વીજ સંકટ સર્જાય તેવી શકયતા વર્તાઈ રહી છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉત્તર ગુજરાતના સરપંચોને જાણ કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, રાજ્યમાં કોલસાની અછતને પગલે બપોરે વીજ કાપ રહેશે.

યુજીવીસીએલ દ્વારા તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, જ્યાં સુધી રાજ્યમાં કોલસાની અછત પૂર્ણ નહિ થાય ત્યાં સુધી વીજકાપ યથાવત રહેશે. વીજકાપના પગલે છ જિલ્લાના ગામડાઓને અસર થશે. આ છ જિલ્લાઓમાં પાટનગર ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં બપોરના સમયે વીજકાપ રહેશે.

અત્યારે યુજીવીસીએલ દ્વારા સત્તાવાર રીતે જાણ કરવામાં આવી છે પરંતુ આવનારા સમયમાં બાકીની વીજ કંપનીઓ પણ આ અંગેની જાણકારી આપશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# માસ્ક કેમ સરખી રીતે પહેર્યું નથી કહીને... વડીલને ધમકાવી બે વીંટી લુંટી બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૩૦ સરકારી શાળાના ગેટ પાસેથી સવારના અગીયાર વાગ્યાના અરસામાં માસ્ક કેમ સરખી રીતે પહેર્યું નથી તેમ કહી ધમકાવીને વૃધ્ધના હાથમાંથી સોનાની બે વીંટી ઝુંટવી બે શખ્સો બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે વૃધ્ધે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩૦ જાગૃતિપાર્ક મ.નં.૭૯૯-૧ ખાતે દેવજીભાઈ જીવાભાઈ ઢંચા નિવૃત જીવન પસાર કરે છે અને પોતાના નાના દિકરા કિશોર સાથે રહે છે. ગત તા.૫ ના રોજ સવારના અગીયાર વાગ્યાના સુમારે ઘરેથી નિત્યક્રમ મુજબ ચાલવા માટે નીકળ્યા હતા. તે સમયે સેકટર-૩૦ ની સરકારી શાળા પાસે બે શખ્સો તેમની પાસે આવ્યા હતા. દેવજીભાઈને માસ્ક કેમ નાક નીચે પહેર્યું છે તેમ કહીને ધમકાવી નામ ઠામ પુછવા લાગ્યા હતા. આ દરમિયાન બંન્ને શખ્સો તેમણે પહેરેલી સોનાની વીંટીઓ જોઈ ગયા હતા. બાદમાં કહેવા લાગેલા કે તમે માસ્ક સરખી રીતે તો પહેરતા નથી અને સોનાની વીંટી પહેરો છો તેમ કહેતા વડીલ એકદમ ગભરાઈ ગયા હતા.વડીલની એકલતાનો લાભ લઈ બંન્ને શખ્સો સોનાની સફેદ નંગવાળી રૂ.૨૫ હજારની વીંટી અને બીજી રૂ.૨૦ હજારની વીંટી ઝુંટવી નાસી ગયા હતા. દેવજીભાઈએ હોહા કરતા સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા, તે પહેલા જ લુંટારૂઓ બાઈક લઈને ફરાર થઈ ગયા હતા. આશરે ૩૫ વર્ષના આશરાના બે લુંટારૂઓ પૈકી એક શખ્સ સફેદ કલરનો શર્ટ તેમજ વાદળી રંગનું પેન્ટ પહેરેલ હતું. જયારે બીજા શખ્સે રાખોડી રંગનું શર્ટ અને વાદળી પેન્ટ પહેર્યું હતું. બનાવ અંગે દેવજીભાઈ એ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# એક પછી એક વરસેલાં બે વરસાદી ઝાપટાંએ શહેરને ફરી ઘમરોળ્યુ

## છેલ્લાં એક સપ્તાહના ઉઘાડ બાદ ફરી વરસાદની એન્ટ્રીથી શેરી ગરબાના આયોજકો ચિંતિત બન્યાં : વરસાદી ઝાપટાંને પગલે ગરબા ગ્રાઉન્ડ સહિત ખુલ્લા પ્લોટોમાં પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં ફરી એકવાર વરસાદે અચાનક જ ધબડાટી બોલાવતાં સમગ્ર શહેરને પાણી-પાણી કરી મુક્યું હતુ. છેલ્લા એક સપ્તાહથી વરસાદી વાતાવરણમાંથી રાહત અનુભવી રહેલાં શહેરમાં આજે બપોર પછી વરસેલા એક પછી એક બે વરસાદી ઝાપટાંએ શેરી નવરાત્રીના આયોજકો માટે ચિંતા વધારી મુકી છે.

છેલ્લાં એક માસમાં શહેરમાં ચાલી રહેલા મનપાની ચૂંટણીઓના પ્રચારમાં સતત વિલન બનેલો વરસાદ એક સપ્તાહથી અટકી જતાં શહેરમાં વાતાવણમાં ઉઘાડ નીકળ્યો હતો. છેલ્લી ઘડીના પ્રચારમાં પણ ઉમેદવારોને રાહત જણાઈ હતી અને ગૃહિણીઓ પણ ઉઘાડનો લાભ લઈને દિવાળી કાર્ય આરંભ કરવાનું વિચારી રહી હતી ત્યાં આજે અચાનક જ વરસાદે ફરી એન્ટ્રી કરતાં વાતાવરણને તરબોળ કરી મુક્યું હતું. આજે સવારથી જ શહેરમાં ઉકળાટ અને ગરમી અનુભવાઈ રહી હતી જે બપોર પછી વારા ફરતી બે વાર વરસેલા વરસાદી ઝાપટાંથી દૂર થઈ હતી. જો કે આ વરસાદી ઝાપટાંને કારણે શહેરમાં શેરી ગરબાના આયોજનનો માટે મુશ્કેલી વધારી દીધી છે.

ઉલ્લેખનીય છે કે આવતીકાલથી આદ્યશક્તિમાં અંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ વખતે કોરોના મહામારીના કેસોમાં રાહત જણાતાં રાજ્ય સરકારે પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલનની શરતે શેરી ગરબાની છૂટ આપી છે.

આ કારણે બે વર્ષ બાદ ગરબાં રમવા મળવાના હોવાથી શહેરના યુવાનો સહિત ગરબાપ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ સેક્ટરોના ચોકઠા, વસાહતો અને સોસાયટી વિસ્તારો સહિત નવા ઉમેરાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં પણ શેરી ગરબાના આયોજનો જોવા મળી રહ્યાં છે, જેના માટે આયોજકોએ જે તૈયારીઓ કરી છે તેના પર વરસાદે પાણી ફેરવતાં આયોજકો સહિત ગરબા પ્રેમીઓમાં પણ ચિંતાનો માહોલ છવાયો છે.

### નવરાત્રીમાં કોરોનાને બદલે વરસાદ વિલન બનશે ?

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં સતત વિલન બનેલો વરસાદ હવે કોરોના મહામારીના કપરા કાળમાં બે વર્ષે નવરાત્રીમાં યોજાઈ રહેલા શેરી ગરબામાં પણ વિઘ્ન બની રહેલો જણાય છે. છેલ્લાં એક સપ્તાહથી નીકળેલા ઉઘાડના કારણે શહેરના ગરબાપ્રેમી ખેલૈયાઓમાં ફરી નવરાત્રીનો આનંદ માણવાનો થનગનાટ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે વરસેલા વરસાદે શેરી ગરબાના મેદાનોમાં પાણીના ખાબોચિયાં ભરી દેવા સાથે અન્ય તૈયારીઓ માટે પણ મુશ્કેલી સર્જી છે. આ વર્ષે કોરોનાને બદલે વરસાદ નવરાત્રીની મજા બગાડશે તેવી ભીતિ આજના વાતાવરણથી પેદા થતાં આયોજકો ચિંતામાં મુકાયા છે.

# સાઈ દ્વારા આગામી ઓલમ્પિક માટે ‘ટોપ્સ’ ખેલાડીઓની રિવ્યુ પ્રક્રિયા

ગાંધીનગર સેક્ટર-૧૫ ખાતે સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કેન્દ્ર સરકારની ટાર્ગેટ પોડિયમ સ્કીમ-ટોપ્સ અંતર્ગત કોર ગ્રુપના એથ્લેટ્સ અંગે રિવ્યુ કરવાના એડવાન્સ સ્ટેજની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના રમતગમત ફેડરેશનો સાથે ચર્ચા હાથ ધરીને આગામી ઓલિમ્પિક રમતોની તૈયારીની સાયકલ માટે ભારતના એલિટ કલાસના એપ્લેટ્સના સમાવેશની પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવશે જેના આધારે ઓક્ટોબર માસમાં એથ્લેટ્સનું કોર ગ્રુપની અંતિમ યાદી તૈયાર કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટોકિયો-૨૦૨૦ ઓલિમ્પિક રમતોમાં ભારતના એથ્લેટ્સના પ્રસંશનીય દેખાવ પાછળ ટોપ્સ સ્કીમનો હાથ રહેલો હોવાનું મનાય છે જે ઓલિમ્પિક તથા પેરાલિમ્પિક રમતોત્સવ માટે ખેલાડીઓનું પીઠબળ બની રહી છે. આ ઓલિમ્પિક રમતોના સમાપન સાથે તેના માટે તૈયાર કરાયેલ કોર ગ્રુપને વિખેરી નાંખીને હવે આગામી ઓલિમ્પિક રમતો માટે નવું કોર ગ્રુપ તૈયાર કરવાની પ્રકીયા હાથ ધરવામાં આવી છે જેમાં રાષ્ટ્રીયકક્ષાના રમતગમત ફેડરેશનો ઉપરાંત ભારતીય ઓલિમ્પિક એસોસિએશનો સાથે સંલગ્ન ખેલાડીઓનો સમાવેશ કરાશે. આ પ્રક્રિયા અંતર્ગત ટોપ્સના નોર્મી આધારિત પસંદગી પામેલા ખેલાડીઓને તમામ સુવિધાઓ પ્રાપ્ત થશે તેમજ કેટલાંક ખેલાડીઓનો ડેવલપમેન્ટલ ગ્રુપમાં સમાવેશ કરાશે જે સહિત તમામનું આગામી ૨૦૨૪ અને ૨૦૨૮ની ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને કોર ગ્રુપ બનાવી આધુનિક પદ્ધતિસરની તાલીમ અપાશે.